બાપદીકરો સામસામા બેઠા હતા.

આ વર્ષની એ ત્રીજી મુલાકાત હતી. પ્રત્યેક વખતે બનતું તેમ આ વખતે પણ તબિયતના, કામકાજના, નજીકના ભવિષ્યની મામૂલી યોજનાઓના ને એવા એવા પ્રશ્નોની ઠીંગરાઈ ગયેલી ઝાડીમાં મુલાકાતની કેડી ખોવાઈ જશે એવું લાગતું હતું. કેશવને એવું નહોતું થવા દેવું. એટલા માટે એ આ વખતે થોડી થોડી વારે એના બાપ સામે જોઈ લેતો હતો. મોતીલાલની આંખો એને ગમતી હતી. ઘણીક વખત એને થતું કે આ માણસની થાકેલી ઝાંખી આંખો અંદરનું કશુંક દેખાડી દે છે – નથી દેખાડતી; વળી દેખાડે છે, પાછું સંતાડી દેતી હોય છે. કેશવને આ અલપઝલપ દેખા દેતી વસ્તુનો મોહ જાગ્યો હતો. પણ પાછું ક્યારેક થઈ આવતું કે ક્યાંય કશું છે જ નહીં, માત્ર મનની કલ્પના જ છે. પણ એ કલ્પનાનોય એને મોહ હતો અને એથી એ આમ જોઈ લેતો હતો.

“અભ્યાસ તો ઠીક ચાલે છે ને?” મોતીલાલે ત્રીજી વાર પૂછ્યું.

ત્રીજી વાર હા કહી શકાત, પણ તરવાના હોજ ઉપર ગોઠવેલા ઝૂલતા પાટિયા પર ઊભા રહી રહીને મરણિયા થઈ ગયેલા માણસની પેઠે કેશવે ઓચિંતું જ પડતું નાખ્યું,

“ના, મને નથી ફાવતું. મને – હું માનું છું કે હવે મારે... મને નથી ભણવું.”

પછી તો એ ઓરડામાં શાંતિ છવાઈ ગઈ. સન્નાટો નહીં – નરી એકધારી મોળી મોળી શાંતિ. થોડીક વારે એમાં એક ધીમો પરપોટો ઊપસી આવ્યો. ફૂટ્યો.

“તેં દાદાને વાત કરી છે?”

“ના કોઈનેય નહીં. આ પહેલી તમને જ.”

આ તો બહુ વધારે પડતી ગૂંચવણ ઊભી કરે એવું હતું. આમ તો શી રીતે બની જ શકે? છતાં બનતું હતું. છોકરો સામે બેઠો બેઠો બોલતો હતો ને એ સાંભળવું પડતું હતું. મોતીલાલને એ જરાકે ન ફાવ્યું. એમણે અનાયાસે

ઘડિયાળ સામે જોયું. હાશ, પાંચ જ મિનિટ બાકી હતી, પણ... પાંચ મિનિટમાં તો માણસ ઘણું બધું બોલી શકે. એને બોલતો અટકાવવો જોઈએ, બની શકે તો એકાદ પ્રશ્ન પૂછવો જોઈએ. એવો પ્રશ્ન કે જેના જવાબમાં બે-ત્રણ મિનિટ નીકળી જાય, પણ પ્રશ્ન સૂઝતો નહોતો. એટલામાં કેશવ કદાચ પાછો બોલે. કદાચ આવું ને આવું કંઈક બીજું કહી નાખે. એમ ન થાય એવી ઉત્કટ ઇચ્છાથી મોતીલાલે કેશવ સામે જોયું, પછી કંઈક ધીરા અવાજે બોલ્યા,

"કોઈક વાર એવું થાય છે, જાણે આમ થાકી ગયા હોઈએ એવું લાગે."

"તો પછી – છોડી દઉં?" જુવાન કંઠમાં આશાનો રણકાર હતો.

"ના હોં, છોડાય નહીં. કોઈક વાર એવું થઈ આવે, મેં કહ્યું ને? પણ છોડાય નહીં. આ બધું... એની મેળે ઠીક થઈ જશે."

"હં."

આ વખતના મૌનમાં એક આછોપાતળો કરોળિયાએ વણેલા રેશમ જેવો સૂક્ષ્મ તંતુ ઝોલાં ખાતો હતો. એની એ નીરવ ગતિથી બી જઈને મોતીલાલે પાછી વાત કરવા માંડી.

"ને કેશવ, એક બીજી વાત છે."

"શું?"

"આવું કંઈ હોય ને, તો દાદાને કહેવું જોઈએ."

"જી."

"તને ખબર છે ને, દાદાએ તારે માટે–"

કેશવને બધી ખબર છે. નાનપણથી તે આ બધું સાંભળતો આવ્યો છે. સાંભળી સાંભળીને માત્ર કાન નહીં, ભેજું સુધ્ધાં પાકી ગયું છે, થાકી ગયું છે – કેશવ કોઈ વાર ઇચ્છે છે કે એ જન્મ્યો જ ન હોત! દાદાના અસીમ એકધારા ઉપકારોની હિમવર્ષા હવે તેનાથી ઝિલાતી નથી, એની યાદ સુધ્ધાં મન પર એક ભારે અજગરના ગૂંચળા જેવી થઈને પડી છે, એનો બોજ ક્ષણે ક્ષણે અસહ્ય બનતો જાય છે. ને ક્ષણો લંબાતી જાય છે...

પાંચના ટકોરા પડ્યા. બંને જણ ખૂબ રાહત પામીને ઊભા થઈ ગયા. રાબેતા મુજબ કેશવ બારણું ખોલીને ઊભો રહ્યો, મોતીલાલે લાકડી શોધવાનાં ફાંફાં મારવાં માંડ્યાં.

ઝરૂખા નીચેના આંગણમાં મોટર તૈયાર જ હતી. લાકડી જડતાંની સાથે જ મોતીલાલ બહાર નીકળ્યા. કેશવ એમને વળાવવા પગથિયાં સુધી ગયો, પછી હાથ જોડ્યા. મુલાકાત પૂરી થઈ.

પણ આ વખતે એ બરાબર પૂરી નહોતી થતી. નૅપિયન સી રોડ પરથી વૉર્ડન રોડ થઈને મોટર મહાલક્ષ્મીના મંદિર પાસે આવી પહોંચી તોય જાણે કેશવ સાથે જ છે. એને ભણવાનું ન ફાવે... ભારે વિચિત્ર! એમ તો પોતાનેય નહોતું ફાવતું, પણ કેશવની વાત જુદી કહેવાય, એને ફાવવું જોઈએ. માનો કે ન ફાવે તોય તે બોલવું ન જોઈએ.

ને આ તો બોલ્યો!

વરલીની એ ચાલનો દાદર ચડતાં ચડતાં કેશવના સ્વરનો રણકાર સાથે આવે છે. એમાં એક આછી સૌરભ છે. બાગનાં બધાં ફૂલો રમ્ય છે, પણ જ્યારે ચંપો ખીલે છે ત્યારે જરાય કહેવાશોધવા જવું નથી પડતું, એવી જ આ એક ઉદ્દંડ સૌરભનો પહેલો હળવો ઝપાટો છે. કેશવ - કેશવ હવે જુવાન થઈ ગયો છે અને એને ભણવાનું ફાવતું નથી એ વાત એણે એના દાદાને નહીં, પણ એના બાપને કહી છે – ઊંહ, આવું તો ન થવું જોઈએ.

માનો કે રમણીકલાલે જાણ્યું, એ શું ગુસ્સે ન થાય? મોતીલાલને બરાબર યાદ છે એ ગુસ્સો. જે માણસની જરા અમથી નારાજી પણ અષાઢનાં ઘટાટોપ વાદળની પેઠે એ આખા મહાલયને આવરી દઈ શકતી હતી, કોઈના હૈયાને ખૂણે જરીકે ઉજાસ રહેવા નહોતી દેતી – તે જ્યારે રોષે ભરાય ત્યારે...ના, એ યાદ સંકોરવામાં કશો ફાયદો નહોતો. ઋતુઓના આતંકની પેઠે એ સઘળું સહી લેવું પડતું, કોઈથી કશું થઈ શકતું નહીં. બધા નિષ્ક્રિય ભાવે તોફાન આપમેળે શમી જવાની રાહ જોતા બેઠા રહેતા હતા. ને આ છોકરો જાણી જોઈને – ના, આ બધું સહેજે ઠીક નહોતું થતું.

બારણામાં પગ મૂકતાં જ અનસૂયાએ આતુર થઈને પૂછ્યું,

"જઈ આવ્યા, ભાઈ?"

"હા."

"કેમ છે, મઝામાં?"

"હા."

પણ કેશવ મઝામાં તો નહોતો લાગતો. એને કંઈક થયું હોય એમ લાગતું હતું. આ ભણવાની વાત – અરે, નહીં ભણવાની વાત...

"આજે થાકી ગયા લાગો છો ભાઈ? મોટર મૂકવા નહોતી આવી?"

"આવી'તી ને!"

"કઈ, પેલી લાંબી કાળી મોટર?"

"ના, બીજી. ભૂરી."

"એ લોકોની સાહ્યબીનો તો કોઈ પાર નથી, હોં ભાઈ! ખબર છે, ગઈ અગિયારશે –"

"કદાચ કેશવ હવે નહીં ભણે!"

ઓચિંતું આ કેવી રીતે કહેવાઈ ગયું તેની મોતીલાલને પોતાને એટલી નવાઈ લાગી કે અનસૂયાના પ્રશ્નોની ઝડીઓ એની આસપાસથી જ વહી ગઈ. એ કંઈ ન બોલ્યો. મન કંઈક વધારે પડતા વિચારે ચડી ગયું હતું. આખરે થાકીને અનસૂયાએ કહ્યું,

"ચાલો, જમી લો છો?"

"હા, ચાલ."

"શાકનું તો આજે રહી ગયું, ભાઈ! એવું થયું કે – "

"વાંધો નહીં, બહેન! જે હશે તે ચાલશે."

થેપલાં હતાં. મરચુંમીઠું નાખ્યું હતું એટલે શાક વગર ચાલે. રાતપાળીએ જવાનું હોય ત્યારે આમેય ઓછું ખાધેલું સારું. ઊંઘ ન આવે. મિલમાંથી જો ફોન થઈ શકે તો કેશવને પૂછી શકાય કે – એકાએક રમણીકલાલનો ચહેરો નજર સામે તરી આવ્યો. અસ્વસ્થ થઈ જઈને મોતીલાલે અનસૂયાને કહ્યું,

"આજે ઠીક નથી લાગતું, જાણે મિલમાં ન જાઉં–"

"રહેવા દો ને ભાઈ! બાજુવાળા કિરીટને મોકલું? અબઘડી ફોન કરી આવશે."

ફોન... મિલમાંથી કદાચ ફોન થઈ જાય, કેશવ સાથે વાત થઈ જાય – ના, એ બધું બહુ ખોટું થાય. કેશવ તો જાણે છોકરું કહેવાય, પણ પોતે – ના, એના કરતાં તો ન જ જવું.

"અનસૂયા, એમ જ કર! પથારી પાથરી આપ. સૂઈ જાઉં."

"હેં ભાઈ, ચા કરી દઉં? આ અબઘડી થઈ જશે. થોડો મસાલોય પડ્યો છે ઘરમાં."

"ના, કંઈ જોઈતું નથી."

કેશવે પણ એટલું સમજી ન જવું જોઈએ? મોતીલાલને તે હવે શું જોઈએ? બહુ તો હવે બેપાંચ વરસ. એટલો વખત તો એને હવે બધાએ નિરાંતે રહેવા દેવો જોઈએ ને! આ પાછો ભણવાની ના પાડતો હતો. માનો કે ન ભણવું હોય તોય તે વાત તો પહેલી ત્યાં, રમણીકલાલ પાસે જ જવી જોઈએ ને? આ તો બધું વગર કારણનું...

ઘણાં વર્ષે ઊંઘ ન આવી.

•

કેશવે એ જાણ્યું હોત તો એને ગમત. એ નહોતો ઇચ્છતો કે બધા ઊંઘતા હોય એમ ઊંઘે, રહેતા હોય એમ રહે, જે કરતા હોય તે કર્યા કરે. એને શું જોઈતું હતું એની એને બરાબર ખબર નહોતી પડતી, પણ એને હવે આ બધું નહોતું જોઈતું. એ રાતે એ જાણીજોઈને જમ્યા પછી છાપું વાંચવા રમણીકલાલ પાસે ન ગયો.

બરાબર ત્રણ મિનિટ પછી નોકર આવ્યો. બોલ્યો :

"સાહેબ પુછાવે છે, તબિયત બરાબર નથી?"

"છે ને!"

"સાડા નવ થઈ ગયા છે."

ઓહ, સાડા નવ! રમણીકલાલે આખી જિંદગી ઘડિયાળના એ બે કાંટા પર ઝૂલીને કાઢી હતી. એમની આસપાસના સૌ કોઈને એ વાતથી પરિચિત થઈ જવું પડતું. એમ તો એમની ઘણી ઘણી વાતોથી બધા પરિચિત હતા જ, કારણ કે એમને વાતો કરવાનો શોખ હતો. પહેલાં એ ગરીબ હતા. એ વખતની વાતો ઘણા ગૌરવપૂર્વક કરતા. શા માટે ન કરે? ખીણ જેટલી ઊંડી તેટલું જ ટોચે ધજા ફરકાવનારનું માહાત્મ્ય વધારે. એની એ વાતો એ અનંત રીતે કર્યા જ કરતા. બધાને મોઢે થઈ જાય પછી પણ કરતા. એમને એ વાતો કરવી ગમતી. સામાને એ સાંભળવી ગમતી કે નહીં તેનો કોઈ દિવસ વિચાર આવતો નહીં. એવા વિચાર આણ્યા સિવાય જીવી શકાય એવી એમને સગવડ હતી.

"સાહેબ રાહ જુએ છે." નોકરે કંઈક નવાઈ પામીને કહ્યું.

"આવું છું."

"પણ નવ ને ચોત્રીસ થઈ ગઈ!"

"ભલે થઈ – જા, કહે કે – ના, ઊભો રહે, આવું છું."

કેશવે ચાલવા માંડ્યું. રમણીકલાલ સામે વાદ થઈ શકે એમ હતું જ નહીં. સાડા નવ એટલે સાડા નવ. નવ ને ચોત્રીસ તો નહીં જ. આ તો કદાચ પાંત્રીસ થઈ જશે. કેશવના પગ ઉતાવળે ચાલવા માંડ્યા. પછી એને જ ખીજ ચડી એટલે એ જાણીજોઈને વચ્ચે પાણી પીવા રોકાયો. બેસીને પાણી પીધું. પહોંચતાં નવ ને સાડત્રીસ થશે. સારું થયું.

જઈને એ દાદાની સામે અદબથી બેઠો. છાપું લેવા જાય છે ત્યાં જ અવાજ આવ્યો,

"કેશવ!"

"જી."

"કેમ આજે મોડું થયું?"

"જરાક ઠીક નહોતું."

"શું થાય છે?"

"જી, હવે તો કશું નહીં, હવે તો આમ ઠીક છે... બાકી તે વખતે–"

ડાયલ ફરવા માંડ્યું હતું. કેશવ અસહાય રીતે રમણીકલાલ સામે જોઈ રહ્યો. હમણાં એ ડૉક્ટરને બોલાવશે. પછી એમની બાજુના ઓરડામાં પલંગ તૈયાર કરાવશે. બે-ત્રણ દિવસ ત્યાં જ, એમની કડક દેખરેખ હેઠળ રહેવું પડશે - એના કરતાં સાડા નવે આવી ગયો હોત!

"છાપું વાંચ્યું?"

કેશવે બીજી ભૂલ કરી. રમણીકલાલ રિસીવર હાથમાં પકડે ત્યારથી એ પાછું મૂકે ત્યાં લગી કોઈથી કોઈ જાતનો અવાજ કરી શકાતો નહીં, એ એક બીજો નિયમ હતો. ને રમણીકલાલના ઘરમાં નિયમો પળાવા માટે ઘડાતા હતા. પ્રત્યેક નિયમનું પાલન પૂરેપૂરી ચોકસાઈથી થતું – તો જ એ થયું ગણાતું. ચોકસાઈ એ રમણીકલાલનો ગુરુમંત્ર હતો. કોઈ પણ વાત ગમે તેટલી નાની કેમ ન હોય, એમાં લગીરે ફેરફાર એ સહન કરી શકતા નહીં. એક દિવસ કોઈ ઓળખીતાની સાથે બે કલાક બેસીને વાતચીત કર્યા પછી પેલા ઘેર પહોંચે કે તરત એમણે એ જણાવવા ફોન કર્યો કે પોતે કલકત્તાથી દાર્જિલિંગ જવા સાડા આઠે નહીં, પણ આઠ ને ચાળીસે નીકળ્યા હતા.